# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2557 ❖ આશો પૂર્ણિમા ❖ 8 ઓક્ટોબર 2014 ❖ વર્ષ – 14 ❖ અંક – 7 ❖ સળંગ અંક - 175

## ધમ્મવાણી

**सूरियस्स, भिक्खवे, उदयतो, एतं पुब्बङगमं, पुब्बनिमित्तं, यदिदं – अरुणुग्गं; एवमेव खो, भिक्खवे, भिक्खुनो अरियस्स अट्ठङिगकस्स मग्गस्स उप्पादाय एतं पुब्बङगमं एतं पुब्बनिमित्तं यदिदं – कल्याणमित्तता ।**

જેમ ભીક્ષુઓ, આકાશ માં લાલાસ છવાઇ જાય એ સુર્યોદયના પૂર્વાગ્રહ છે, પૂર્વલક્ષણ છે, તેમ જ સાધકો માટે કલ્યાણમિત્રનો સંગ આર્ય અષ્ટાંગીક માર્ગની ઉપલબ્ધીનો પૂર્વાગ્રહ છે, પૂર્વ લક્ષણ છે.

## ઉદ્‌બોધન પ્રકાશપર્વ

મારા વ્હાલા સાધક-સાધિકાઓ!

પ્રજ્ઞાની જ્યોત ઝગમગતી રહો!

દીવાનો પ્રકાશ બાહ્ય અંધકારને દૂર કરે છે. ખરેખર તેની ઘણી ઉપયોગિતા છે! પરંતુ દીવાનો પ્રકાશ આપણી ભીતરના અંધકારને દૂર ન કરી શકે! બાહ્ય અંધકાર ઘણો અપ્રિય છે, ખૂબ હાનિકારક છે; પરંતુ ભીતરનો અંધકાર તેના કરતાં હજાર ગણો અપ્રિય છે, અધિક હાનિકારક છે! આપણું મુખ્ય કલ્યાણ તો ભીતરના અંધકારને દૂર કરવામાં છે.

આ ભીતરનો અંધકાર છે શું? આપણી મૂઢ અવસ્થા, મોહ અવસ્થા, અજ્ઞાન અવસ્થા એ જ અવિદ્યા છે, એ જ ભીતરનો અંધકાર છે! તેના થકી જ રાગ ઉત્પન્ન થાય છે! અને જ્યાં રાગ હોય ત્યાં દ્વેષ હોય જ!

આ રાગ-દ્વેષ જ આપણા મનમાં અનેક પ્રકારના વિકારો પેદા કરે છે. ભય, આશંકા, ક્રોધ, ઘૃણા. ઈર્ષા, માત્સર્ય, લોભ, લોલુપતા આદિ સઘળા મનોવિકાર રાગ-દ્વેષની જ ઉપજ છે. એ બધા અવિદ્યાના અંધકારમાં જ વિકસે છે. જ્યાં ભય હોય, આશંકા હોય, ક્રોધ હોય, ઘૃણા હોય, માત્સર્ય હોય,લોભ હોય, લોલુપતા હોય, ત્યાં સુખ ક્યાંથી હોય? શાંતિ ક્યાંથી હોય? ચેન ક્યાંથી હોય? આ મનોવિકારોમાંથી છૂટકારો પામવામાં જ આપણી મુક્તિ છે, આપણું મંગલ છે, આપણું કલ્યાણ છે!

મનોવિકારોને દૂર કરવા માટે તેમને જડમૂળથી ઊખેડી નાખવા પડશે. અવિદ્યાના અંધકારને હટાવવો પડશે અને એ પ્રજ્ઞાના પ્રકાશ વડે જ, વિદ્યાના વિવેક વડે જ થશે. પ્રજ્ઞા-પ્રદીપને સદૈવ પ્રજ્વલિત રાખવા માટે સજાગતાનો અભ્યાસ કરતાં રહેવું પડશે. પ્રજ્ઞામાં સ્થિત રહેવા માટે સદૈવ સચેત રહેવાનો અભ્યાસ કરતાં રહેવું પડશે. દુષ્પ્રજ્ઞતારૂપી બેહોશી દૂર કરવા માટે સદા સૂધબૂધ રાખવી પડશે. સદા જાગૃત રહેવું તે પ્રકાશ છે જે અવિદ્યાના અંધકારને દૂર કરે છે અને સઘળા મનોવિકારોની ગ્રંથિઓ ખોલીને આપણને બંધનમુક્ત બનાવે છે.

વિતેલી વાતોની યાદમાં વ્યાકુળ રહેવું તે સજાગતા નથી,ભવિષ્યની કપોળ કલ્પનાઓમાં અટવાએલાં રહેવું તે સજાગતા નથી. સજાગતા તો છે વર્તમાનની આ ક્ષણ પ્રત્યે સચેત રહેવામાં! આ ક્ષણ પ્રત્યે સચેત રહેવાનું નામ જ વિપશ્યના છે. વિપશ્યનાનો અભ્યાસ સજાગતાનો જ અભ્યાસ છે. આ અભ્યાસ નિરંતર ચાલુ જ રહેવો જોઈએ જેથી આપણું અંતર્મન અવિદ્યાના અંધકારથી સદૈવ દૂર રહે અને પ્રજ્ઞાની દીપમાળાથી સદા ઝગમગતું રહે! જો આપણે પ્રજ્ઞામાં સ્થિર રહીને સાચા સંતપુરુષ બની જઇએ તો સદૈવ દિવાળી જ છે! અંતર્મન આઠેય પ્રહર પ્રજ્ઞાના પ્રકાશથી ઝગમગતું જ રહો! આ જ સાચું પ્રકાશપર્વ છે; આપણા મંગલનું આદિ મૂળ! આપણા કલ્યાણનું ખરું કારણ!

દિવાળીના અવસર પર આપણે આપણું આંગણું વાળીચોળીને સ્વચ્છ, સુઘડ રાખીએ છીએ, તેને રંગોળીથી સજાવીએ છીએ. શરીરને પણ ઘસીઘસીને ધોઇએ છીએ, તેને સ્વચ્છ કરીને વસ્ત્રોથી અને આભૂષણોથી અલંકૃત

કરીએ છીએ. આ બાહ્ય સાફસૂફી સારી છે, નકામી નથી. પરંતુ તેના કરતાં પણ વધુ સારી અને વધુ કામની સાફસૂફી તો કૂડા-કચરાથી, ધૂળ-માટીથી, જાળાં-ઝાંખરાંથી ભરપૂર એવા આપણા અંતર્મનની છે! જ્યાં સુધી ભીતરની ગંદકી દૂર કરવામાં ન આવે, ત્યાં સુધી કેવળ બાહ્ય સાફસૂફી આપણને સાચી સુખશાંતિ ન આપી શકે.

મનની ગંદકી શું છે? મનની ગંદકી તે મોહ, મનની ગંદકી તે રાગ, મનની ગંદકી તે દ્વેષ! મનની આ ગંદકીઓ અન્ય અનેક ગંદકીઓને પોતાના તરફ ખેંચતી જ રહે છે. જ્યાં સુધી મનમાં રાગ, દ્વેષ અને મોહનાં જાળાં લટકતાં હોય, ત્યાં સુધી અનેક મનોવિકારોની ધૂળ-માટી તેના પર જામતી જ રહેશે બહાર બહારની સફાઇ કરવાથી મનની ભીતર લટકતાં આ ધૂળિયાં જાળાં દૂર ન થઈ શકે, મન સાફ-સૂથરૂં ન થઈશકે. અને જ્યાં સુધી મન સ્વચ્છ ન થઈ જાય, ત્યાં સુધી સાચી સુખશાંતિ અને સમૃદ્ધિની આશા રાખવી વ્યર્થ છે!

વિપશ્યના સાધના દ્વારા એટલે કે સચ્ચાઇ પ્રત્યે સતત જાગૃત રહેવાના અભ્યાસ દ્વારા મનને સ્વચ્છ કરી લીધા પછી જ મનના સાજ-શણગાર કરી શકાય! મનની સજાવટ થાય છે મૈત્રી અને કરુણારૂપી અલંકારોથી! સત્યનો સહારો લઇને મનને અસીમ પ્રેમ અને કરુણાના ભાવોથી ઓતપ્રોત કરી લઇએ એ જ મનની સાચી સાફસૂફી છે અને એમાં જ આપણું સાચું કલ્યાણ છે.

ક્યાંક એવું ન થાય કે આપણે આ બાહ્ય સફાઇ અને સજાવટમાં જ સંતોષ માનીને બેસી રહીએ! સફાઈ મનની હોય, સજાવટ મનની હોય! મનની આ સફાઇ-સજાવટ કોઈ ખાસ તહેવારના દિવસે જ નહીં પરંતુ નિત્ય થતી રહેવી જોઈએ. રોજબરોજ આપણા શરીરને સ્વચ્છ રાખવું, આંગણાને સાફ-સૂથરૂં રાખવું જેટલું આવશ્યક છે તેના કરતાં કેટલું યે અધિક આવશ્યક એ છે કે આપણે પોતાના મનને રોજબરોજ ધોઇ ધોઇને નિર્મળ કરતાં રહીએ! દિવાળીની સજાવટ દરરોજ થવી જોઈએ. બાહ્ય અને ભીતરની સ્વચ્છતા પ્રતિ આપણો ઉત્સાહ કદિ મંદ ન પડે! આંતરિક સ્વચ્છતા અને સજાવટ માટે વિપશ્યનાની સાવરણી મનનાં જાળાંને દૂર કરતી જ રહે! મૈત્રી ભાવનાનો અભ્યાસ તેને સદા સજાવતો જ રહે! આવી દિવાળી આપણે રોજ ઉજવતાં રહીએ! એમાં જ આપણું સાચું કલ્યાણ છે, સાચું મંગલ છે, સાચી ભલાઇ છે!

## નવા વર્ષ નિમિત્તે વિપશ્યી સાધકો માટે સ્નેહ મિલન

**રાજકોટ :** તા. ૨-૧૧-૨૦૧૪, **સમય :** સવારે ૯ થી ૧૧
**સ્થળ :** નવી માસુમ સ્કૂલ, કાલાવડ રોડ, મોટા મવા ગામ પછી, ૬૦ ફૂટના રોડ ઉપર, રાજકોટ.

**ભાવનગર :** તા. ૨-૧૧-૨૦૧૪, **સમય :** સવારે ૮ થી ૧૦.૩૦
**સ્થળ :** ડોક્ટર હોલ, ડાયમંડ ચોક, મહિલા કોલેજ પાસે, ભાવનગર.
**સંપર્ક :** શ્રી અનિલભાઈ શાહ – ૭૮૭૮૧ ૦૩૬૩૬
મીનાબેન શાહ – ૮૯૦૫૫ ૫૪૬૬૬

**અમરેલી :** તા. ૨-૧૧-૨૦૧૪, **સમય :** સવારે ૯ થી ૧૨
**સ્થળ :** અજમેરા ગર્લ્સ હાઇસ્કુલ, સ્ટેશન રોડ, અંદરનો હોલ, અમરેલી.
**સંપર્ક :** શ્રી દ્વારકાદાસભાઈ – ૯૪૦૯૦ ૪૨૩૮૩
શ્રી કિરણભાઈ ભટ્ટ – ૯૪૨૮૧ ૯૦૦૩૮

**જુનાગઢ :** તા. ૯-૧૧-૨૦૧૪, રવિવાર
**સમય :** સવારે ૧૦ થી ૧૨.૩૦
ધમ્મ-જૂનાગઢ નવા કેન્દ્ર અંગે માહિતી.
**સ્થળ :** કેસરી ફાર્મ, કેસરી કાર્યાલય, નવી ભરાડ સ્કુલ સામે, ટીંબાવાડી – વંથલી હાઈવે, જુનાગઢ.
**સંપર્ક :** રમણીકભાઈ કવા મો.: ૯૪૨૭૨ ૦૫૪૦૫
ડો. ધીરૂભાઈ શાહ મો.: ૯૮૯૮૦ ૨૨૧૩૬

**જામનગર :** તા. ૧૬-૧૧-૨૦૧૪, **સમય :** સવારે ૯ થી ૧૨
**સ્થળ :** સ્થળ માટે સંપર્ક.
**સંપર્ક :** રમેશભાઈ દવે – ૯૪૦૮૯ ૬૩૯૩૫
ભગવાનદાસ મોટવાણી – ૯૮૯૮૬ ૭૧૨૫૧

## વિપશ્યના પરિચય કાર્યક્રમ - ભાવનગર

**વિષય :** હેલ્થ એન્ડ હેપીનેશ
**વક્તા :** ડો. વાઘવાણી – એમ.ડી. (ફીઝીશીયન)
વિપશ્યી સાધકોના પરિચીતો માટે કાર્યક્રમનું આયોજન
**તારીખ :** ૨-૧૧-૨૦૧૪, રવિવાર, **સમય :** બપોરે ૪ થી ૬
**સ્થળ :** ડોક્ટર હોલ, ડાયમંડ ચોક, મહિલા કોલેજ પાસે, ભાવનગર.

## ભાવનગરના જીજ્ઞાશુ ભાઈ-બહેનો માટે વિપશ્યના શિબિર - ધમ્મકોટ રાજકોટ.

**તારીખ :** ૧૯-૧૧-૨૦૧૪ થી ૩૦-૧૧-૨૦૧૪
ભાવનગરથી જવા આવવા માટે વાહન વ્યવસ્થા રાખવામાં આવેલ છે. આપ તેમજ આપના પરિચીતોના રજીસ્ટ્રેશન માટે
**સંપર્ક :** ધમ્મપાલી – ૭૮૭૮૧ ૦૩૬૩૬
મીનાબેન શાહ – ૮૯૦૫૫ ૫૪૬૬૬
મોહનભાઈ મકવાણા – ૯૮૨૪૮ ૮૨૩૩૧

# સામુહિક સાધના

મોરબી, ઉના, ભાવનગર, જેતપુર, જામનગર, અમરેલી, જુનાગઢ, સુરેન્દ્રનગરના વિપશ્યી સાધકો માટે સામુહિક સાધનાનું આયોજન કરેલ છે. સર્વે સાધક ભાઇ–બહેનોને પધારવા હાર્દિક નિમંત્રણ છે.

**ગામ : મોરબી**
– સોમ થી શની : **સમય :** સાંજે ૬–૩૦ થી ૭–૩૦
– રવિવારે : **સમય :** સવારે ૭–૦૦ થી ૮–૦૦
– એક દ્વિવસીય શિબીર દર મહિનાના બિજા રવિવારે :
**સમય :** સવારે ૮–૦૦ થી ૧–૦૦

---

**ગામ : ઉના** – દર રવિવારે **સમય :** સવારે ૬–૩૦ થી ૭–૩૦
**સ્થળ :** 'સ્નેહ', ૪૨–વૃજભૂમિ સોસા., નવી મામલતદાર ઓફિસની પાછળ, ગીર ગઢડા રોડ, ઉના.
**ગામ :** હરેશ જે. ટીલવાણી મો.: ૯૪૨૭૭ ૩૮૦૭૦

---

**ગામ : ભાવનગર**
– રવિવારે : **સમય :** સવારે ૭–૦૦ થી ૮–૦૦
**સ્થળ :** આરાધના ફ્લેટ, મેઘાણી સર્કલ, ભાવનગર.
– બુધવારે : **સમય :** સવારે ૭–૦૦ થી ૮–૦૦
**સ્થળ :** સૂચક મેડીકલ સેન્ટર, કાળાનાળા, ભાવનગર.
૧. એક દ્વિવસીય શિબીર દર મહિનાના બિજા રવિવારે :
**સમય :** સવારે ૮–૦૦ થી ૨–૦૦ – આરાધના ફ્લેટ.
– (ભોજન વ્યવસ્થા રાખેલ છે.)
૨. એક દ્વિવસીય શિબીર દર મહિનાના ચોથા રવિવારે :
**સમય :** સવારે ૯–૦૦ થી ૪–૦૦
**સ્થળ :** ધમ્મપાલી વિપશ્યના કેન્દ્ર – પાલીતાણા
**સંપર્ક :** મો.: ૭૮૭૮૧ ૦૩૬૩૬

---

**ગામ : જેતપુર**
૧. સોમ થી શની – ડો. વાઘવાણી હોસ્પીટલ.
**સમય :** રાત્રે ૯–૦૦ થી ૧૦–૦૦
૨. સોમ થી શની – જેન્તીભાઇ ભૂવા
**સમય :** રાત્રે ૯–૦૦ થી ૧૦–૦૦
**સ્થળ :** 'ક્રિષ્ના', તેજાકાળા પ્લોટ, નવી દેસાઇ વાડી, ક્રિષ્ના પાન સામેની શેરી, જેતપુર.
૩. સોમ થી શની – વજેસિંહ ગોહેલ
**સમય :** રાત્રે ૯–૦૦ થી ૧૦–૦૦
**સ્થળ :** સુદામા નગર.
૪. સોમ થી શની – એચ. એમ. ટ્રેડર્સ
**સ્થળ :** ૧૬, અમિત એપાર્ટમેન્ટ, કણકિયા પ્લોટ, જેતપુર.
૫. સોમ થી શની – હર્ષિદાબેન વાઘેલા
**સમય :** રાત્રે ૯–૦૦ થી ૧૦–૦૦
**સ્થળ :** હર્ષિદાબેનના નિવાસ સ્થાને, જેતપુર.
૬. સોમ થી શની – ગોવુભા પરમાર સાહેબ
**સમય :** બપોરે ૩–૦૦ થી ૪–૦૦
**સ્થળ :** ગુરૂકૃપા એપાર્ટમેન્ટ, અમર નગર રોડ, જેતપુર.

---

**ગામ : જામનગર**
૧. દર રવિવારે – ભગવાનદાસભાઇ મોતિયાણી
**સમય :** સવારે ૮–૦૦ થી ૯–૦૦
**સ્થળ :** 'દિપવાસ' ૬૫–૬૬ દિગ્વીજય પ્લોટ, જોલી બંગલા પાછળ, જામનગર.
૨. એક દ્વિવસીય શિબીર દર મહિનાના બીજા રવિવારે :
**સમય :** સવારે ૯–૩૦ થી ૪–૩૦
**સ્થળ :** 'દિપવાસ' ૬૫–૬૬ દિગ્વીજય પ્લોટ, જોલી બંગલા પાછળ, જામનગર. (ભોજન વ્યવસ્થા રાખેલ છે.)
**સંપર્ક :** ભગવાનદાસભાઇ મો.: ૯૮૯૮૬ ૭૧૨૫૧
રમેશભાઇ દવે મો.: ૯૪૦૮૯ ૬૩૯૩૫

---

**ગામ : અમરેલી**
૧. સામુહિક સાધના દર રવિવારે :
**સમય :** સવારે ૯–૦૦ થી ૧૦–૦૦
૨. એક દ્વિવસીય શિબીર દર મહિનાના પહેલા રવિવારે :
**સમય :** સવારે ૧૦–૦૦ થી ૪–૦૦
**સ્થળ :** ગીરીરાજ નગર, શેરી નં. ૨, બ્લોક નં. ૩૬, ઓમ નગર મેઇન રોડ સામે, ચિત્તલ રોડ, અમરેલી.
**સંપર્ક :** મો.: ૯૪૦૯૦ ૪૨૩૮૯, ૯૪૨૮૧ ૯૦૦૩૮
૩. સમુહ સાધના દર બુધવારે :
**સમય :** સવારે ૮–૦૦ થી ૯–૦૦ – દ્વારકાદાસ લલાડીયા
**સ્થળ :** ૫૧–બી, શ્રીરંગ સોસાયટી, અમરેલી.
**સંપર્ક :** મો.: ૯૪૦૯૦ ૪૨૩૮૯

---

**ગામ : સુરેન્દ્રનગર**
૧. સામુહિક સાધના સોમ થી શની :
**સમય :** સાંજે ૫–૩૦ થી ૬–૩૦
૨. સામુહિક સાધના દર રવિવારે:
**સમય :** સાંજે ૫–૦૦ થી ૭–૦૦
**સ્થળ :** બોસ્ટન હોટલ, હેન્ડલુમ રોડ, સુરેન્દ્રનગર.
**સંપર્ક :** ડો. મેહુલ બાવીશી મો.: ૯૮૨૪૪ ૫૩૮૬૨

---

**ગામ : જુનાગઢ**
– સામુહીક સાધના
**સમય :** સવારે ૮–૦૦ થી ૯–૦૦
**સ્થળ :** મણીભાઇ કાલરીયા સત્સંગ હોલ, શેરી નં. ૯, રામજી નગર, મોતીબાગ પાસે, જુનાગઢ.
– એક દ્વિવસીય શિબીર દર મહિનાના ત્રીજા રવિવારે :
**સમય :** સવારે ૯–૦૦ થી ૧–૦૦ (ભોજન વ્યવસ્થા રાખેલ છે.)
**સંપર્ક :** ડો. ધીરૂભાઇ શાહ મો.: ૯૮૯૮૦ ૨૨૧૩૬

| | | | | | |
|---|---|---|---|---|---|
| સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મકોટ''<br>C/o. ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ-૧.<br>(0281) 2233666<br>78787 27240<br>(0281) 2924942<br>93279 23540<br>રજિસ્ટ્રેશન ૧૦:૦૦ થી ૦૧:૦૦ અને ૦૪:૦૦ થી ૭:૦૦<br>dhammakot@gmail.com | કચ્છ વિપશ્યના કેન્દ્ર ''ધમ્મસિંધુ''<br>બાડા.<br>C/o. શ્રી ઈશ્વરલાલ ચુ. શાહ, પ્રો. કે. ટી. શાહ રોડ, માંડવી.<br>કચ્છ-૩૭૦ ૪૬૫<br>(02834) 273303, 273612, | ગુર્જર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મપીઠ''<br>અમદાવાદ<br>રનોડા<br>તા. ધોળકા,<br>જિ. અમદાવાદ - ૩૮૦ ૮૧૦<br>(02714) 294690,<br>(M) 94264 19397 | ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર-''ધમ્મ દિવાકર'' મીઠા મહેસાણા.<br>C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૭-અપના બજાર, વિમલ સુપર માર્કેટ, બી.કે. રોડ, મહેસાણા. (ઉ.ગુ.)-૩૮૪ ૦૦૨.<br>(02762) 272800, 254634, 252345<br>(M) 94292 33000 | ''ધમ્મ અંબિકા''<br>૯૪૨૮૧ ૬૦૭૧૪<br>૯૮૨૫૦ ૪૪૫૩૬<br>૦૨૬૩૪-૨૯૧૧૦૦<br>૦૨૬૩૪-૨૯૨૫૨૧<br>:: સરનામું ::<br>નવસારી અને બિલિમોરા રેલ્વે સ્ટેશનથી ૧૫ કિ.મી., નેશનલ હાઈવે નં. ૮, બોરિયાચ ટોલનાકાની પશ્ચિમે ૨ કિ.મી. દૂર ગામ : વગલવાડ, તા.: ગણદેવી | : ધર્મજ :<br>(૦૨૬૯૭) ૨૪૫૪૬૦, ૨૪૫૩૦૨<br>મો. ૯૪૨૬૫ ૦૦૭૬૫<br>હેમંતભાઈ પટેલ |

## ૧૦ દિવસીય શિબિરની માહિતી

| સૌરાષ્ટ્ર (ધમ્મકોટ) | કચ્છ (ધમ્મસિંધુ) | ગુર્જર (ધમ્મપીઠ) | ઉત્તર ગુજરાત (ધમ્મ દિવાકર) | ધમ્મ અંબિકા | ધર્મજ |
|---|---|---|---|---|---|
| 05-11 to 16-11-14<br>19-11 to 30-11-14<br>**03-12 to 14-12-14 તારીખ રદ કરેલ છે.**<br>17-12 to 28-12-14<br>31-12 to 11-01-15<br>15-01 to 26-01-15 | 09-11 to 20-11-14<br>23-11 to 04-12-14<br>07-12 to 18-12-14<br>21-12 to 01-01-15<br>22-02 to 05-03-15<br>08-03 to 19-03-15 | 12-11-14 to 23-11-14<br>03-12-14 to 14-12-14<br>17-12-14 to 28-12-14<br>31-12-14 to11-01-15<br>14-01-15 to 25-01-15<br>28-01-15 to 08-02-15<br>11-02-15 to 22-02-15 | 12-11-14 to23-11-14<br>03-12-14 to 14-12-14<br>31-12-14 to11-01-15<br>14-01-15 to 25-01-15<br>28-01-15 to 08-02-15<br>11-02-15 to 22-02-15 | 09-12 to 20-12-14<br>03-01 to 14-01-15<br>16-01 to 27-01-15<br>રજિસ્ટ્રેશન 0261-3260961 (૧૧થી ૫ દરમિયાન) | 28-10-14 to 08-11-14<br>17-12-14 to 28-12-14<br>02-01-15 to 13-01-15 |

## એક દિવસીય શિબિર જૂના સાધકો માટે

| | | | |
|---|---|---|---|
| દર મહિનાના પહેલા અને ચોથા રવિવારે રાજકોટ શહેરમાં માસૂમ સ્કૂલ ખાતે ૮ થી ૪ | દર મહિનાના પહેલા રવિવારે | દર મહિનાના છેલ્લા રવિવારે અમદાવાદમાં | દર મહિનાના ચોથા રવિવારે |

**: ઉના :**
**ગ્રુપ સીટીંગ**
સવારે ૬:૩૦ થી ૭:૩૦
**હરેશભાઈ જે. ટીલવાણી**
૪૨, વ્રજભૂમિ સોસાયટી, શેરી નં.૩, નવી મામલતદાર ઓફીસ પાછળ, ગીરગઢડા રોડ, ઉના. મો.: ૯૪૨૭૭ ૩૮૦૭૦

**મોગર કેન્દ્ર ''ધમ્મ ભવન''**
દર મહિનાના પહેલા રવિવારે સામૂહિક સાધના
૫-કાલિંદી પાર્ક, અકોટા અતિથિ ગૃહ પાછળ, વડોદરા-૩૯૦૦૨૦.
(0265) 2341181
(M) 94263 32180
E-mail : vvs04@ hotmail.com

**શિબિરમાં આવનાર પ્રત્યેક વ્યક્તિએ ફોટો આઈડી (ફોટો ઓળખપત્ર) ની ઝેરોક્ષ લાવવી ફરજીયાત છે.**

**દર મહિનાના બીજા રવિવારે સવારે ૯-૩૦ થી ૧૧-૦૦ કલાકે બાળકો માટેની ''આનાપાન'' શિબિર, માસુમ સ્કુલ, યુનિ. રોડ, રાજકોટ ખાતે રાખવામાં આવે છે.**

## દોહા ધરમના

મિત્ર ! તુમ્હારા હો ભલા, હો મંગલ કલ્યાણ ।
મન કી કડવાહટ મિટે, મિલે સુખો કી ખાન ॥
બીતી બાતે ભૂલ કર, જોડ નયે સંબંધ ।
ઘાવ ન સુખે કચરતે, બઢે પીપ દુર્ગન્ધ ॥
મૈત્રી કરુણા પ્યાર સે, તન મન પુલકિત હોય ।
માનવ જીવન સફલ હો, સબ વિધી મંગલ હોય ॥

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨, રૂવાપરી રોડ, ભાવનગર - ૩૬૪ ૦૦૫.
ફોન : (૦૨૭૮) ૨૨૧૨૪૦૧-૨-૩ ની મંગલકામના

## દોહા ધરમના

મૈં કરતા સબકો ક્ષમા, કરે મુઝે સબ કોય ।
મેરે તો સબ મિત્ર હૈ, બૈરી દિખે ન કોય ॥
અંગ અંગ હોતા રહે, મૈત્રી બ્રહ્મ વિહાર ।
મૈત્રી હી સુખ શાંતિ કા, બ્રહ્મ લોક કા દ્વાર ॥
પાદહીન કો પ્યાર હૈ, દ્વિપદોં કો ભી પ્યાર ।
ચતુષ્ટદોં કો પ્યાર હૈ, હૈ બહુપદ કો પ્યાર ॥

**સોલંકી મિકેનિક વર્ક્સ**
૪૦/W ભક્તિનગર જી.આઈ.ડી.સી., રાજકોટ-૨.
ફોન : ૦૨૮૧ - ૨૩૬૨૧૮૯ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા,** મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ - ૧.

**વિપશ્યના 8 ઓક્ટોબર 2014** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

**ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-**

'વિપશ્યના' Reg-No. GUJGUJ /2000/3013
Postal Reg. No. RAJKOT/450/2012-14
(Renewed upto 31.12.2014)

Weighs less than 10 gms
Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
Write PIN CODE for Correct Delivery

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
ભાભા હોટેલ, પંચનાથ રોડ,
રાજકોટ - 360 001.
સિટી ઓફિસ : ફોન - (0281) 2233666
મોબાઈલ : 7878 7272 23
e-mail : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org

# ધમ્મપાલી કેન્દ્ર પાલીતાણા

**ધમ્મપાલી કેન્દ્ર, પાલીતાણાનાં નવા ધમ્મહોલમાં પ્રથમ એક દિવસીય શિબિર.**

**---:: તારીખ ::---**

**૧૪-૧૨-૨૦૧૪, રવિવાર.**

**---:: સમય ::---**

**સવારે ૯-૦૦ થી ૪-૦૦**